
# Veer Narmad
# South Gujarat University, Surat

**Re-accredited by NAAC with 'A' grade**





## દક્ષિણાયન
## Dakshinayan e-Newsletter


**Vol.1, Issue.8-10, Jan-Mar.2019**

**For Private Circulation Only**







આપણી યુનિવર્સિટી
આપણું ગૌરવ





Dr. Shivendra Gupta
Vice Chancellor



किसी भी कीमत पर स्वतंत्रता का मोल नहीं हो सकता।
वह जीवन है भला जीवित रहने के लिए कया कोई मोल नही चुकायेगा।
–महात्मा गांधी


## University Archives (1974-75)

### પદવીદાન સમારંભમાં સુવર્ણચંદ્રક પ્રદાન વિધિ



ભારત સરકારના શિક્ષણ પ્રધાન શ્રી. નુરુલ હસનના વરદ હસ્તે તબીબી વિદ્યાશાખાની એમ. બી., બી.એસ. પદવી પરીક્ષા માટેનાં પાંચ સુવર્ણચંદ્રકો મેળવવાનું બહુમાન પ્રાપ્ત કરતાં કુ. શકુંતલા ભગુભાઈ પટેલ

### શારીરિક શિક્ષણ, યુવક કલ્યાણ અને રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃત્તિઓ



યુવક નેતૃત્વ તાલીમ શિબિરના શિબિરાર્થીઓ




### શારીરિક શિક્ષણ, યુવક કલ્યાણ અને રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃત્તિઓ



રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃત્તિ હેઠળ ડટણ જાજરૂ કૂવો (કમ્પોઝપીટ) તૈયાર કરતા વિદ્યાર્થીઓ




સુરત–સુરપાણેશ્વરના સાઈકલ પ્રવાસવીરો



રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃત્તિ હેઠળ મોજણી કાર્ય કરતી યુનિવર્સિટીની વિદ્યાર્થિનીઓ

### યુનિવર્સિટી ગ્રંથાલય



યુનિવર્સિટી ગ્રંથાલયનું તૈયાર થયેલું મકાન

# યુનિવર્સિટી ન્યૂઝ

## વ્યાખ્યાન

વી.ન.દ.ગુ. યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગમાં હાઈડ્રોજન સ્ટોરેજ અને ઈકોનોમી વિષય પર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાન સ્વીડનની ઉપશાલા યુનિવર્સિટી પ્રો. રાજીવ આહુજા દ્વારા અપાયું હતું.કુલપતિશ્રી ડો. શિવેન્દ્ર ગુપ્તાએ પ્રાસંગિક ઉધબોધન કરેલ હતું અને કુલસચિવશ્રી પણ ઉપસ્થિત રહ્યા હતા. પ્રો. આહુજાએ સ્વીડન તથા પોતાની યુનિવર્સિટીનું રાષ્ટ્ર માટેનું યોગદાન અંગે પ્રકાશ પાડ્યો હતો. ઉત્તર યુરોપમાં આ સૌથી જૂની યુનિવર્સિટી છે.આલ્ફ્રેડ નોબલનું કર્મસ્થાન છે.આ ઉપરાંત વિજ્ઞાનમાં પ્રચંડ યોગદાતા એન્ગટ્રોમ , સેલ્સિયસ , લોઉડીન , લીને અને અન્ય વૈજ્ઞાનિક સ્વીડનના હતા, આપણી ઈંધણની માંગ ડીઝલ, પેટ્રોલ ,ગેસ દ્વારા પોષવામાં આવે છે. પરંતુ કુદરતમાં આ તત્વોંનો જથ્થો મર્યાદિત હોઈ અન્ય બિનપરંપરાગત ઉર્જા ક્ષેત્રો વિષે વિચારવું આવશ્યક છે. સૂર્યશક્તિ અને વીજશક્તિનો વપરાશ વધ્યો છે. આ ઉપરાંત લિથિયમ અને સોડિયમ આયર્ન બેટરીઓ પણ રોજિંદા વપરાશની વસ્તુ બની છે.પરંતુ આ ક્ષેત્રોમાં અન્ય પ્રશ્નો ઉપસ્થિત થયા છે. આથી સર્વને પરવડે, સરળતાથી પ્રાપ્ત થઈ શકે અને વાતાવરણને પણ શુદ્ધ કરે તેવા સ્ત્રોતોની આવશ્યકતા છે. અને તે આવશ્યક્તા હાઈડ્રોજન દ્વારા પૂરી થઈ શકે તેમ છે. હ્યુન્ડાઇ કંપની દ્વારા હાઈડ્રોજન ઇધણ ધરાવતી કારોનો ટેક્ષી તરીકે ઉપયોગ કરે છે. હાલ દુનિયાની બીજી કંપનીઓ પણ આ દિશામાં વિચારવાનું શરૂ કર્યું છે. હાલ હાઈડ્રોજનું વહન, કિંમત ,સંગ્રહણ,સલામતીના મુદ્દાઓ ધ્યાને લઈ વ્યાપક સંશોધન થઈ શકે છે. ઉચ્ચ સંખ્યાત્મક ગાણિતિક શાસ્ત્ર , ફોરિયર સિરીઝ એનાઇલીસ જેવા ગાણિતિક ભૌતિકશાસ્ત્રની મદદથી હાઈડ્રોજનની ઉપયોગિતા માટે બાયોમાસ , ફોટો કેટિલીક અને મટિરિયલ્સ જીનોનિકથી ગુણાત્મક પરિણામોને પ્રાયોગિક પરિણામ કરવા વિશ્વ મથી રહ્યું છે. ભૌતિકશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ , પ્રોફે.ડો.કે.સી. પોરિયા દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો















## NET / JRF

યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગના ગત વર્ષ ૨૦૧૭માં એમ.એસ.સી ભૌતિકશાસ્ત્ર અભ્યાસક્રમ પૂર્ણ કરનાર કુ. થોરાટ પ્રિયંકાબેન એન.સી.એસ.આઈ.આર અને યુ.જી.સી. દ્વારા સંયુક્ત રીતે લેવાતી નેટ પરીક્ષા આપી હતી.તેઓ વિભાગમાંથી સૌપ્રથમ જુનિયર રિસર્ચ ફેલોશીપ માટેની નેટ પરીક્ષામાં ઉતીર્ણ થયા છે.તેઓ ફિઝિક્સ સાયન્સ વિષયમાં આ પરીક્ષા પાસાર કરનાર પ્રથમ વિદ્યાર્થીની છે. આ ઉપરાંત વિભાગમાંથી એમ.એસ.સી. નો અભ્યાસક્રમ કરનાર NET-આસિસ્ટન્ટ પ્રોફેસર માટેની પરીક્ષામાં નીલ પટેલ ઉતીર્ણ થયા છે.

## સ્પર્ધા

ઇંડિયન એસોસિયેશન ઓફ ફિઝિક્સ ટીચર્સ (આઈ.એ.પી.ટી.) દ્વારા રાજ્યના વિવિધ કલ્સટર્સમાં ભૌતિકશાસ્ત્ર વિષયના પ્રયોગો માટેની હરીફાઈ (સી.પી.એક્સ.) યોજવામાં આવેલ હતી. ત્યારબાદ કલ્સટર્સના વિજેતાઓ વચ્ચે રાજ્યભરની યુનિવર્સિટીઓના અનુસ્નાતક કક્ષામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટેની હરીફાઈ એમ.એસ. યુનિવર્સિટીના એપ્લાઈડ ફિઝિક્સ વિભાગમાં યોજાઇ હતી, આ હરીફાઈમાં ભૌતિકશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓ (૧) શેખ અયાઝ એમ. અને (૨) નારીગરા વિપુલ એસ . દ્વારા તૈયાર કરવામાં આવેલ પ્રયોગ " ડીફેક્સન ક્ષું બનાના સ્ટેમ લેયર્સ " ને દ્વિતીય ક્રમ મળેલ હતો. અભિનંદન

## રમત-ગમત



કે.આઈ.આઈ.ટી. ભુવનેશ્વર મુકામે આંતર યુનિવર્સિટી આર્ચરી (ભાઈઓ) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી શિવેન્દ્ર ગુપ્તાના પ્રમુખ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવેર્સિટીનું નામ રમતગમત ક્ષેત્રે ક્રીર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યાં હતાં. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેક્ટ શ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી.

આ ટીમના કોચ અને મેનેજર તરીકે શ્રી જીતેન્દ્ર રાજપૂતે સેવા આપી હતી.

ટીમ:

૧) શ્રી ગર્વીત કાન્તીલાલભાઈ જી.

૨) શ્રી પવાર મેહુલ એ.

૩) શ્રી ભાગરીયા જીગર વી.

૪) શ્રી ભોયા યોગેશ એચ.




ગુરુ નાનક દેવ યુનિવર્સિટી, અમૃતસર મુકામે આંતર યુનિવર્સીટી જુડો (ભાઈઓ) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમાંરભ મા. કુલપતિશ્રી શિવેન્દ્ર ગુપ્તાના પ્રમુખ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમતગમત ક્ષેત્રે કીર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેક્ટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી.

જુડો (ભાઈઓ) ની ટીમમાં કોચ તરીકે શ્રી પી.એસ.નીકમ તથા મેનેજર તરીકે પ્રો.સંચિત સોલંકીએ સેવા આપી હતી.

ટીમ:

૧) શ્રી ડે હિમાલય એ

૨) શ્રી ભટ્ટી અકીમ બી.

૩) શ્રી સુરતી મા અમીન આઈ.

૪) શ્રી પરમાર ચિરાગભાઈ બી.

૫) શ્રી રાઈ દીપક પી.

૬) શ્રી બોદીયાત યુનુસ એસ.

કે.આઈ.આઈ.ટી.,ભુવનેશ્વર મુકામે આંતર યુનિવર્સિટી રસ્સા ખેંચ (ભાઈઓ/બહેનો) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી શિવેન્દ્ર ગુપ્તાના પ્રમુખ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કીર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી. યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓનો પરિચય સ્પોર્ટ્સ ડાયરેક્ટરશ્રી પોલ ડેવિડે હતો કરાવ્યો અને આભારવિધી કરી હતી.




ટીમ :

ભાઈઓ

૧) શ્રી શેખ આમીરહુસેન એ.
૨) શ્રી વાલી અમ્મ‍ાર એસ.
૩) શ્રી ભંડારી અર્જુન કે.
૪) શ્રી દાડરવાલા ધ્રુવ જે.
૫) શ્રી મુલ્લા અબ્દુલહાડી જી.
૬) શ્રી ત્રિપાઠી સિદ્ધાર્થ એ.
૭) શ્રી માલી ધ્રુવીત એસ.
૮) શ્રી ટંડેલ રોહન બી.
૯)શ્રી પટેલ નિમેષ વી.

બહેનો:

૧) કુ. યાદવ પૂજા આર.
૨) કુ. મિશ્રા સિમ્પી વી.
૩) કુ. પાંડે કુ. પ્રિટી એસ.
૪) કુ. ટંડેલ શ્વેતા એન.
૫) કુ. કુરકૂટીયા જીગીષા કે.
૬) કુ. પટેલ શિવાની ડી.
૭) કુ. યાદવ પૂનમ આર.
૮) કુ. પટેલ પૂજા ડી.
૯) કુ. ટંડેલ હેમાંગી એન.

મહારાજા ગંગા સિંગ યુનિવર્સિટી, બિકાનેર મુકામે આંતર યુનિવર્સીટી સાયકલીંગ (ભાઈઓ) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમાંરભ કુલપતિશ્રી શિવેન્દ્ર ગુપ્તાના પ્રમુખ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કીર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભીનંદન પાઠવ્યા હતા. યુનિવર્સિટીના સપોર્ટસ ડાયરેક્ટર શ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી.




ટીમ :

૧) શ્રી શર્મા સચિન એન.
૨) શ્રી શુક્લા સૌરવ ડી.
૩) શ્રી સહાની સચિન પી.
૪) શ્રી તિવારી ગૌરવ આર.
૫) શ્રી ભાદરકા યશ જે.
૬) શ્રી ખરાડી અલય એ.

## કોલેજ ન્યૂઝ

### સ્પર્ધા

વીર નર્મદ દક્ષિણ ગુજરા યુનિવર્સીટી, સુરત દ્વારા ક્રિકેટ (બહેનોની) આંતર કોલેજ યુનિવર્સિટી ટીમની પસંદગી પ્રક્રીયાનું આયોજન બી. કે. એમ. સાયન્સ કોલેજ વલસાડ મુકામે કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ કોલેજના ૪૫ થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જયારે બીજી વારનું સિલેકશન સુરત મુકામે કરવામાં આવ્યુ હતું. જેમાં કુલ ૨૭ ખેલાડી બહેનોએ ભાગ લીધો હતો. જેમાં એ.વી. પટેલ કોમર્સ કોલેજ,બીલીમોરાની ચાર ખેલાડી બહેનો જેમાં ભાનુશાલી ઉર્વશી ડી.એસ. વાય.બીકોમ (અંગ્રેજી માધ્યમ), ધરજીયા આરતી એચ., એસ.વાય.બીકોમ આ ચાર ખેલાડીઓની પસંદગી ક્રિકેટની યુનિવર્સિટી ટીમમાં થઈ હતી.આં સિદ્ધિ બદલ

ઇન્ચાર્જ આચાર્યા વર્ષાબેન ટી. રાણા તથા ફીજીકલ ઈન્સ્ટ્રકટર સોનલબેન વસાવા તથા કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા અને ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

ગુજરાત સરકાર તરફથી બોક્ષિંગની રાજ્ય કક્ષાની ખેલમહાકુંભ સ્પર્ધાનું આયોજન નિકોલ-અમદાવાદ કરાયું હતું, જેમાં નવયુગ કોમર્સ કોલેજના ખેલાડી શ્રી સંદીપ શર્મા ઓપન એજ ગ્રુપમાં ૭૫ કિ.ગ્રા થી ૮૧ કિ.ગ્રા. ગ્રુપમાં ગોલ્ડ મેડલ , શ્રી નિતિન વાઘ ઓપન એજ ગ્રુપમાં +૯૧ કિ.ગ્રા. ગ્રુપમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યું ,આચાર્ય શ્રી ડૉ.વિનોદભાઇ એન.પટેલ તેમજ કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા. શારિરીક શિક્ષણના પ્રા.સી.કે. અસરિયાએ માર્ગદર્શન પૂરું પડ્યું હતું .



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આંતર કોલેજ ટેકવાન્ડો સ્પર્ધા વિદ્યાવિહાર કોલેજમાં યોજાઈ હતી.આ સ્પર્ધામાં નવયુગ કોમર્સ કોલેજની ખેલાડી જીનલ પટેલ ૪૯ કિ.ગ્રા. ગ્રુપમાં સિલ્વર મેડલ,ઝીલ પટેલ ૪૬ કિ.ગ્રા. ગ્રુપમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કરી સમગ્ર કોલેજનું ગૌરવ વધાર્યું છે. આ ખેલાડીને આચાર્યશ્રી વિનોદભાઈ એન.પટેલ તથા શારિરીક શિક્ષણના પા.સી.કે. અસારિયા તેમજ કોલેજ પરિવારે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આંતર કોલેજ ટેકવાન્ડો સ્પર્ધા નવયુગ કોમર્સ કોલેજમાં યોજાઈ હતી. આ સ્પર્ધામાં યુનિવર્સિટીમાંથી કુલ ૨૧ કોલેજોની નોધણી થઈ જેમાં ૩૮ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. પસંદગી પામેલ ખેલાડીઓં રોતક યુનિવર્સિટી રમવા જશે.

આ સ્પર્ધામાં નવયુગ કોમર્સ કોલેજના ખેલાડી શ્રી અંકિત યાદવ ૫૮ કિ.ગ્રા ગ્રુપમાં બ્રોન્ઝ મેડલ, શેખ મો.અબરાર ૭૪ કિ.ગ્રા. ગ્રુપમાં ગોલ્ડ મેડલ, શ્રી સંદિપ શર્મા ૮૭ કિ.ગ્રા ગ્રુપમાં ગોલ્ડ મેડલ, મોલવિ સુલ્તાન અબાવ ૮૭ કિ.ગ્રા. ગ્રુપમાં ગોલ્ડ મેડલ, પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યું છે. આ ખેલાડીને આચાર્યશ્રી વિનોદભાઈ એન.પટેલ તથા શારિરીક શિક્ષણના પ્રા.સી.કે. અસારિયા તેમજ કોલેજ પરિવારે ખેલાડીઓને અબિનંદન પાઠવ્યા હતા.




ગુજરાત સરકાર તરફથી કરાટે સ્પર્ધા રાજ્ય કક્ષાની ખેલમહાકુંભ સ્પર્ધાનું આયોજન સમા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષમાં કરાયું હતું. જેમાં નવયુગ કોમર્સ કોલેજના ખેલાડી રાઠોર જસવંતસિંઘ ઓપન એજ ગ્રુપમાં ૫૦ કિ.ગ્રા.થી ૫૪ કિ.ગ્રા ગ્રુપમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યું. આચાર્યશ્રી. ડૉ.વિનોદભાઈ એન.પટેલ તેમજ કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા. શારીરિક શિક્ષણના પ્રા.સી.કે અસારિયાએ માર્ગદર્શન પૂરું પડ્યું હતું.



ગુજરાત સરકાર તરફથી કરાટે સ્પર્ધા રાજ્ય કક્ષાની ખેલમહાકુંભ સ્પર્ધાનું આયોજન સુરતમાં કરાયું હતું. જેમાં નવયુગ કોમર્સ કોલેજના ખેલાડી શ્રી સુભમ પાવર ઓપન એજ ગ્રુપમાં ૬૮ કિ.ગ્રા. થી ૭૩ કિ.ગ્રા ગ્રુપમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યું. આચાર્યશ્રી. ડૉ.વિનોદભાઈ એન.પટેલ તેમજ કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.શારિરીક શિક્ષણના પ્રા.સી.કે.અસારિયાએ માર્ગદર્શન પૂરૂં પડ્યું હતું.



બી.કે. એમ. સાયન્સ કોલેજ,વલસાડ ખાતે સપ્તધારાના નેજા હેઠળ કલાકૌશલ્ય ધારા દ્વારા રંગોળી સ્પર્ધાનું આયોજન થયું હતું. આ સ્પર્ધામાં ૨૪ સ્પર્ધકોએ ભાગ લઈ ખૂબજ સુંદર અને મૌલિક રંગોળીઓ દોરી કલાનું પ્રદર્શન કર્યું હતું. આચાર્યશ્રી ડૉ. વિકાસભાઈ દેસાઈએ વિદ્યાર્થીઓની આ કલાને આગળ વધારી વધુ આત્મસાત કરી કઈ રીતે આજીવિકાનું સાધન બનાવી શકાય તે અંગે માર્ગદર્શન આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી તેમની કલાને બિરદાવી હતી. ઉપાચાર્ય ડૉ. ટી. જી. ગોહિલે સપ્તધારાની માહિતી આપી હતી. અંતે વિજેતાઓને ઈનામ અને સર્ટીફીકેટ એનાયત કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધાનું આયોજન કલાકૌશલ્યધારાના કન્વીનર ડૉ.માધવી દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું

એ.વી.પટેલ કોમર્સ કોલેજમાં ગુજરાત રાજ્યની સપ્તધારા પ્રવૃત્તિની " જ્ઞાનધારા" અને સ્ટુડન્ટ કાઉન્સિલની "ડિબેટ કમિટી"ના ઉપક્રમે સ્વામી વિવેકાનંદની જન્મજયંતિની ઉજવણી નિમિત્તે "ચારિત્ર્ય નિર્માણ દ્વારા રાષ્ટ્ર નિર્માણ" વિષય પર નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે ચૌહાણ ગૌરી વાય. (એસ. વાય. બીકોમ,અંગ્રેજી માધ્યમ) , દ્વતીયક્રમે પાંચાલ જાનવી યુ. એસ. વાય. બીકોમ (અંગ્રેજી માધ્યમ) અને તૃતીય ક્રમે ખત્રી શિવાની એસ.(એસ. વાય.બીકોમ) (અંગ્રેજી માધ્યમ) રહયા હતા. તમામ વિદ્યાર્થીઓને ઇન્ચાર્જ આચાર્યશ્રી વર્ષાબેન ટી. રાણાએ અભિનંદન પાઠવી ઉત્સાહ વધાર્યા હતો. પ્રા. ચિરાગભાઈ એમ.ગુલાની અને પ્રા. નિશાબેન આર. ચાવડાએ નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી. કાર્યક્રમ દરમ્યાન કોલેજના શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓનો સહકાર મળ્યો હતો.

૧.એ.વી. પટેલ કોમર્સ કોલેજમાં,બીલીમોરા ગુજરાત રાજયની સપ્તધારા પ્રવૃત્તિની "રંગકલા કૌશલ્યધારા" હેઠળ ' "રંગોળી સ્પર્ધા" નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિધાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. રંગોળી સ્પર્ધામાં પ્રથમક્રમે વર્મા વંદના બી. (એફ. વાય. બીકોમ) વિજેતા રહ્યા હતા.આ સ્પર્ધામાં નિર્ણાયક તરીક પ્રા. યોગીનીબેન એચ. મિસ્ત્રી તથા પ્રા. દિપીકાબેન. પી.લાડે સેવા આપી હતી. કાર્યક્રમનું આયોજન અને સંચાલન પ્રા. જિગીષાબેન એચ. પટેલ અને પ્રા. નિશાબેન આર.ચાવડાએ કર્યું હતું. તમામ વિધાર્થીઓને ઇન્ચાર્જ આચાર્યશ્રી વર્ષાબેન ટી. રાણાએ અભિનંદન પાઠવી ઉત્સાહ વધાર્યા હતો. કોલેજના શૈક્ષણિક તથા બિન- શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓનો સહકાર મળ્યો હતો.

૨. એ.વી.પટેલ કોમર્સ કોલેજમાં,બીલીમોરા એન. એસ.એસ. અને ગુજરાત રાજયની સપ્તધારા પ્રવૃત્તિની "રંગકલા કૌશલ્યધારા" હેઠળ " પોસ્ટર મેકિંગ સ્પર્ધા અને સ્લોગન રાઈટીંગ સ્પર્ધા" નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં સ્વચ્છ ભારતના મિશનને સાકાર કરતા "Swachh Bharat Starts with A Change in Our Habit Stop Littering" જેવા સ્લોગન અને સ્વચ્છતા આધારિત પોસ્ટર વિદ્યાર્થીઓએ બનાવ્યા હતા. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે પટેલ તોરલ એન., (એસ. વાય. બીકોમ,અંગ્રેજી માધ્યમ), દ્વિતીયક્રમે પટેલ તેજસ એસ.(એસ. વાય. બીકોમ) તથા તૃતીય ક્રમે પરમાર કોમલ પી. (એફ.વાય.બીકોમ ,અંગ્રેજી માધ્યમ) વિજેતા રહયા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. સોનલબેન એસ. વસાવા તથા પ્રા ધર્મિષ્ઠાબેન જે. ઢીમ્મરે સેવા આપી હતી. તેમજ સ્લોગન રાઈટીગ સ્પર્ધામાં પ્રથમ ક્રમે મિશ્રા શ્વેતા એસ, (એફ. વાય. બીકોમ), દ્વિતીયક્રમે વર્મા વંદના બી. (એફ. વાય. બીકોમ ,અંગ્રેજી માધ્યમ) તથા તૃતીય ક્રમે સોની સાનિયા જી., (એસ.વાય. બીકોમ ,અંગ્રેજી માધ્યમ) વિજેતા રહયા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકેપ્રા. નિશાબેન આર. ચાવડા તથા પ્રા. પાર્થભાઈ કે. ઠક્કરે સેવા આપી હતી. ઇન્ચાર્જ આચાર્યશ્રી વર્ષાબેન ટી.રાણાએ સ્પર્ધકોને માર્ગદર્શન અને અભિનંદન પાઠવ્યા હતા. સ્પર્ધાના સંચાલનનો દોર પ્રોગ્રામ ઓફિસર પ્રા. દિપીકાબેન પિ. લાડ. અને પ્રા. ચિરાગભાઈ એમ. ગુલાની

તેમજ રંગકલા કૌશલ્ય ધારાના અધ્યક્ષ પ્રા. જિગીષાબેન એચ. પટેલે સંભાળ્યો હતો. કોલેજના શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓનો સહકાર મળ્યો હતો.

૩.એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાની સ્ટુડન્ટ કાઉન્સિલની સાંસ્કૃતિક સમિતિના ઉપક્રમે "સંગીત સવાર" કાર્યક્રમ કોલેજ પટાંગણમાં ઉજવાઈ ગયો. બીલીમોરા જોરાવાસણના "સુર સંગમ" ઓરકેસ્ટ્રાના સથવારે યોજાયેલ સંગીતના આ સ્પર્ધાત્મક કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ પોતાની ઉર્મીઓને ગીતોના માધ્યમ વડે અભિવ્યકત કરી હતી. સ્પર્ધામાં કુલ-૧૫ વ્યક્તિગત ગીતો અને ૨ યુગલ ગીતો રજૂ કરાયા હતા. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ કાર્યક્રમ માણ્યો હતો. જેમાં વ્યક્તિગત ગીતોની સ્પર્ધામાં પ્રથમક્રમે હળપતિ રોહિત એસ. (એફ. વાય. બીકોમ) દ્વિતીયક્રમે પટેલ યાસિક ડી (એસ. વાય. બીકોમ) તથા તૃતીયક્રમે ગુજરિયા રીન્કુકોર પિ., (એસ. વાય. બીકોમ) વિજેતા બન્યા હતા. યુગલગીત સ્પર્ધામાં મિશ્રા ખુશ્બુ એન.(ટી.વાય.બીકોમ અંગ્રેજી માધ્યમ) અને ગાંધી તૃપ્તિ જે., ટી. વાય. બીકોમની જોડી વિજેતા રહી હતી.આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રીમતી ડૉ. લોપાબેન પટેલ અને શ્રીમતી ડૉ. આશાબેન ભટ્ટ સેવા આપી હતી. ઇન્ચાર્જ આચાર્યા વર્ષાબેન ટી. રાણાએ તમામ સ્પર્ધકોને અભિનંદન પાઠવ્યા હતા. કોલેજ વિધાર્થી સંઘના સભ્યોએ કાર્યક્રમને સફળ બનાવવા સુંદર કામગીરી કરી હતી. સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ પ્રા. વાય. જે. દેસાઈએ કાર્યક્રમનું સંચાલન સાથી પ્રા. એન. બી. સોલંકી અને પ્રા. વાય.એચ. મિસ્ત્રીના સહકારથી કર્યુ હતું.

એ.વી.પટેલ કોમર્સ કોલેજમાં આંતરકોલેજ સ્પર્ધાઓનું સફળ આયોજન થયું હતું આ સ્પર્ધામાં બી.વી. કે. મંડળના શ્રી ભરતભાઈ અમીને ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી થઈ અને ત્યાર બાદ દીપ પ્રાગટ્યથી સમગ્ર વાતાવરણ પવિત્ર અને પ્રકાશિત બન્યું. ઇન્ચાર્જ આચાર્યશ્રી વર્ષાબેન રાણાએ ઉપસ્થિત મહેમાનશ્રીઓં અને નિર્ણાયકશ્રીઓનું શાબ્દિક અને પુષ્પગુચ્છ વડે સ્વાગત કર્યા બાદ સ્પર્ધાને આગળ વધારી હતી. કાર્યક્રમ દરમ્યાન ઉદઘોષક તરીકે પ્રા. નરેન્દ્રભાઈ બી. સોલંકીએ સેવા આપી હતી. આંતર કોલેજ વકતૃત્વ સ્પર્ધામાં નિર્ણાયકશ્રી તરીકે શ્રીમતિ વૈશાલીબેન વી કંસારા (અંગ્રેજી એકેડેમી , બીલીમોરા) અને શ્રીમતી પ્રીતીબેન એસ. મિસ્ત્રી (અંગ્રેજી એકેડેમી, બીલીમોરા) ની સેવા પ્રાપ્ત થઈ. આ સ્પર્ધાના વિજેતા વિધાર્થીઓ :

| ક્રમ | નામ | કોલેજનું નામ |
|---|---|---|
| ૧. | કાખોલતર ખુશ્બુ વી. | વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ, સુરત |
| ૨. | રાવલ યોગેશ એસ. | શાહ ખીમચંદભાઈ લો કોલેજ, વલસાડ |
| ૩. | મેમન આશિમા એ. | સુરેશ મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ, ઉમરગામ |

આંતર કોલેજ વકતૃત્વ સ્પર્ધાના કન્વીનર પ્રા. ચિરાગભાઈ એમ. ગુલાનીએ સંચાલનનો દોર સંભાળ્યો હતો.આંતર કોલેજ કાવ્ય પઠન સ્પર્ધામાં નિર્ણાયક તરીકે આચાર્યશ્રી જયેશભાઈ પટેલ (એમ.સી.ઝેડ હાઈસ્કુલ, બીલીમોરા) અને શ્રીમતી સરોજબેન રાય ( અંગ્રેજી એકેડેમી , બીલીમોરા) ની સેવા પ્રાપ્ત થઈ. આ સ્પર્ધાના વિજેતા

વિધાર્થીઓ :

| ક્રમ | નામ | કોલેજનું નામ |
|---|---|---|
| ૧. | સિંઘ અભિષેક બબલુ | એસ.એમ. કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, ઉમરગામ |
| ૨. | સુરતી નતાશા | વી. એસ. કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ બીલીમોરા |
| ૩. | બારીયા એશ્વર્યા જિતેન્દ્રભાઈ | એમ. કે. કોલેજ ઓફ એજ્યુકેશન, ઉમરગામ |

આંતર કોલેજ કાવ્ય પઠન સ્પર્ધાના કન્વીનર પ્રા. યોગિની એચ. મિસ્ત્રીએ સંચાલનનો દોર સંભાળ્યો હતો.આંતર કોલેજ મહેંદી સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પટેલ પાયલબેન જગદીશભાઈ અને પટેલ જીનલબેન સુમનભાઈની સેવા પ્રાપ્ત થઈ. આ સ્પર્ધાના વિજેતા

વિધાર્થીઓ :

| ક્રમ | નામ | કોલેજનું નામ |
|---|---|---|
| ૧. | સૈયદ રૂક્સાનાબેગમ સી . | શ્રી એસ.આર .પટેલ બી.એડ.કોલેજ ,કીમ |
| ૨. | કુસ્વાહા મનીષા આર. | એ.વી.પટેલ. કોમર્સ કોલેજ ,બીલીમોરા |
| ૩. | દૂધા મીઝબાહ જી. | વી.એસ.પટેલ.બી.બી.એ. એન્ડ બી.સી.એ. કોલેજ, બીલીમોરા |

આંતરકોલેજ મહેંદી સ્પર્ધાના કન્વીનર પ્રા.જિગીષાબેન આર. પટેલે સંચાલનો દોર સંભાળ્યો હતો.

આ સ્પર્ધાના આયોજનોમાં ઇન્ચાર્જ આચાર્ય વર્ષાબેન રાણાનું માર્ગદર્શન મળ્યું તથા વિવિધ કોલેજોના આચાર્યો અને સ્પર્ધક વિધાર્થીઓ, કોલેજના સ્ટાફ મિત્રો ,કોલેજની સ્ટુડન્ટ કાઉન્સીલ તથા નોન ટીચિંગ સ્ટાફ સર્વેનો સહકાર મળ્યો. પ્રા.નરેન્દ્રભાઈ બી. સોલંકીએ આભારદર્શન કર્યું હતું અને સમૂહગાનથી કાર્યક્રમનું સમાપન થયું હતું.

વિધામંદિર સોસાયટી સંચાલિત ઝેડ. એફ. વાડિયા વુમન્સ કોલેજ અને એન.કે. જહોટા કોલેજ ઓફ કોમર્સ, સુરત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનો ૪૬ મો યુવક મહોત્સવ તા. ૮-૯-૧૦ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ યુનિવર્સિટી ખાતે યોજાયો હતો જેમાં વિવિધ સંસ્કૃતિક સ્પર્ધાઓ યોજાઇ હતી, જેમાં વીર નર્મદ યુનિવર્સિટીના તમામ કોલેજોએ એકાંકી નાટક, હળવું કંઠ્યસંગીત, સમૂહગીત, ગરબા, શાસ્ત્રીયનૃત્ય, શાસ્ત્રીય વાધસંગીત, કાવ્યપથન, પાદપૂર્તિ, એકપટરિયા અભિનય, નવલિકા લેકન, હસ્તકળા જેવી સ્પર્ધાઓમા તમામાં કોલેજોના વિધાર્થીઓએ ભાગ લીધો હતો.



ગરબા સ્પર્ધામાં ૫૦થી વધુ કોલેજોએ ભાગ લીધો હતો. જેમાં ઝેડ. એફ. વાડિયા વુમન્સ કોલેજ અને એન. કે. જહોટા કોલેજ ઓફ કોમર્સની વિધાર્થીઓ ગરબા સ્પર્ધામાં પ્રથા ક્રમે વિજેતા થઈ અને કોલેજને રોટરી ક્લબ ઓફ સુરતનું વિજયપદ્દ ફરતું શિલ્ટ એનાયત થયું હતું તથા સમૂહગીતમાં ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો અને યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલરશ્રી તથા ગુજરાતી કલાકાર બાલાજી ફિલ્મમાં કામ કારનાર અમિત મિસ્ત્રીએ ઈનામ આપી અભિનંદન આપી આશીર્વચન આપ્યા હતા.

## વાર્ષિકોત્સવ

ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કોલેજ દ્વારા વાર્ષિકોત્સવ સમારંભનું આયોજન કન્વેન્શન હૉલ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે તા: ૨૧/૦૧/૨૦૧૯ના વાર્ષિકોત્સવ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શ્રી કિરીટ જી. ગાંધી (પ્રમુખ શ્રી ,ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટ ), શ્રી ભાણાભાઈ પટેલ ( ઉપપ્રમુખશ્રી ,ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટ), શ્રી નિરંજનભાઈ પટેલ ( ખજાનચી ), શ્રી નરેશભાઇ પટેલ (સહમંત્રી), શ્રી દક્ષયભાઈ દેસાઇ (ટ્રસ્ટીશ્રી) તથા અન્ય ટ્રસ્ટીગણે હાજર રહી વિધાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.આ કાર્યક્રમમાં અન્ય આમંત્રિત મહેમાનો, અધ્યાપકો , વાલિઓ અને વિધાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આચાર્યશ્રી ડો. મેહુલ પિ. દેસાઇએ મહેમાનો તથા વિધાર્થીઓને આવકાર આપ્યો હતો. વાર્ષિકોત્સવમાં વિધાર્થીઓએ સુંદર સંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત ગરબો, વેસ્ટન ડાન્સ, ક્લાસીકલ ડાન્સ , થીમ ડાન્સ, સોલો તથા ડ્યુએટ સોંગ, મિમિક્રી તથા આધુનિક યુવા વર્ગ અને મા-બાપ વચ્ચેના નાજુક સબંધ દર્શાવતુ નાટક વિગેરે કૃતિઓની સુંદર રજૂઆત કરવામાં આવી હતી. આભરવિધિ સંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા ડો.ત્વીષા પરમારે રજૂ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે શૈક્ષણિક તથા વહીવટી સ્ટાફનો સંપૂર્ણ સહકાર મળ્યો હતો .




## ઇનામ વિતરણ



ઉધના કોલેજ દ્વારા તા.૦૯/૦૨/૨૦૧૯ના રોજ ૧૭ માં ઇનામ વિતરણ સામારભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શ્રી કિરીટ જી.ગાંધી(પ્રમુખશ્રી, ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટ), શ્રી ભાણજીભાઈ પટેલ (ઉપપ્રમુખશ્રી,ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટ), શ્રી કાંતિભાઈ પટેલ (મંત્રીશ્રી, ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટ) અને શ્રી નરેશભાઈ

પટેલ (સહમંત્રી) એ હાજર રહી સ્પર્ધકોને પ્રોત્સાહન પૂરૂં પડ્યું હતું તથા સ્પર્ધકોને શુભેચ્છા પાઠવી હતી. આમંત્રિત મહેમાનો,સ્ટાફમિત્રો અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આચાર્યશ્રી ડૉ.મેહુલ પી.દેસાઈએ મહેમાનો તથા વિદ્યાર્થીઓને આવકાર આપ્યો હતો તથા શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ નો અહેવાલ રજુ કર્યો હતો. સપ્તધારા હેઠળ કોલેજ તથા આંતર-કોલેજ કક્ષાએ સૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓ, રમતો, સ્પર્ધાઓ તથા અભ્યાસમાં વિશિષ્ટ સિધ્ધિઓ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને સન્માનવામાં આવ્યા હતા. આ ઉપરાંત અધ્યાપકોની સિધ્ધિઓને પણ બિરદાવી એમનું સન્માન કરવામાં આવ્યું હતું. સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા ડૉ ત્વીષા પરમારે કાર્યક્રમને સફળ બનાવવા માટે શૈક્ષણિક સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓનો અભાર માન્યો હતો.

## વિદાય સમારોહ

ભગવાન મહાવીર કોલેજ ઓફ એજ્યુકેશન,સુરતમાં આચાર્યશ્રી ડૉ.કે.વી.દેસાઈનો વિદાય સમારોહ યોજાયો. આ સમારંભની શરૂઆત પ્રાર્થનાથી થઈ. ડૉ.પાયલ ડી.પટેલે નિવૃત્ત થતા આચાર્યશ્રીનું પુષ્પગુચ્છથી સ્વાગત કરી અભિપ્રાય આપ્યો હતો. તાલીમાર્થીઓ અને અધ્યાપકોએ પણ અભિપ્રાયો રજૂ કર્યા હતાં. અધ્યાપક તરફથી ડૉ.કે.વી.દેસાઈને સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવી ડૉ.કે.વી.દેસાઈએ પોતાનું વક્તવ્ય આપ્યું. તાલીમાર્થીઓ દ્વારા પણ ડૉ.કે.વી.દેસાઈને સ્મૃતિભેટ અર્પણ કરી. કાર્યક્રમનું સંચાલન ડૉ.રોશની આયતોડાએ કર્યું. અને આભારવિધિ પ્રા.હેમંતભાઈ પટેલે કરી.

## N.C.C



નવયુગ કોલેજ એન.સી.સી.ના નવયુગ અર્ટેસ કોલેજના સિનિયર કેડેટ એહમદનૂર મનસૂરી દિલ્હી ખાતેના R.D.C. કેમ્પમાં પસંદગી પામ્યા હતા.જેમાં તેઓ ગુજરાત ટીમના સંસ્કૃતિક પ્રોગ્રામમાં ઉત્કૃષ્ટ દેખાવા કરી ટીમને રાષ્ટ્રીયકક્ષાએ દ્વિતીય સ્થાને પ્રાપ્ત કરવામાં સહભાગી બન્યા હતા.તેઓને અમદાવાદ ખાતે રાજ્યના ગવર્નર તરફથી મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આચાર્યશ્રી ડૉ.અશ્વિનભાઈ એસ.પટેલ તેમજ એન.સી.સી ઓફીસર એમ.જે.શાહે અભિનંદન પાઠવ્યા હતા.

## ઊજવણી

ભગવાન મહાવીર કોલેજ ઓફ એજ્યુકેશનમાં માતૃભાષા દિવસની ઊજવણી કરવામાં આવી. કાર્યક્રમની શરૂઆત શ્લોક અને પ્રાર્થના દ્વારા થઈ. તાલીમાર્થીઓ દ્વારા માતૃભાષાનું મહત્વ વિશે વક્તવ્યો, કાવ્યપઠન,ગીત, સમૂહગીત જેવી કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. પ્રા. નીતાબેન અને પ્રા. ભાવિનાબેને વિચારો રજૂ કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થીની પટેલ ચેતાલી અને આભારવિધિ ઘાસકટા સાયલે કરી હતી. કાર્યક્રમનું આયોજન પ્રા. ડૉ. હેતલબેન પટેલ, પ્રા.નીતાબેન મોહિતે કર્યુ હતું.

એ.વી .પટેલ કોમર્સ કોલેજ,બીલીમોરામાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના નિર્વાણદિન –શહિદદિનની ઉજવણી, પુણ્યાત્માને ભવ્ય અંજલિ અર્પિને તા. 30-01-2019 ના રોજ સંપન્ન કરવામાં આવી હતી. કાર્યક્રમના પ્રારંભમાં ઈન્ચાર્જ આચાર્યશ્રી વર્ષાબેન ટી.રાણાએ મહાત્મા ગાંધીજીના ફોટા સંમક્ષ દીપ પ્રગટાવીને તેમણે સુતરની આંટી અર્પણ કરી હતી .અને પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું .ત્યારબાદ સૌ સર્વધર્મ પ્રાર્થના અને આધ કવિ શ્રી નરસિંહ મહેતા રચિત મહાત્મા ગાંધીજીને પ્રિય એવું ભજન "વૈષ્ણવ જન તો ...." રજૂ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઇન્ચાર્જ આચાર્યશ્રી વર્ષાબેન ટી. રાણાના માર્ગદર્શન હેઠળ સમગ્ર સ્ટાફ પરિવાર સ્ટુડન્ટસ કાઉન્સીલના સભ્યો અને સામાન્ય મંત્રી સૌરભ પાસવાન તથા વિધાર્થી અગ્રણીઓએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા .યોગેશભાઈ જે. દેસાઇ કર્યું હતું .

## વાલી-અધ્યાપક મંડળ



રાંદેર રોડ સ્થિત નવયુગ સાયન્સ કોલેજમાં તા.૨૦ જાન્યુઆરી ૨૦૧૯ ના રોજ વાલી-આધ્યાપક મંડળની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ હતી.જેમાં મંડળના પ્રમુખ એડવોકેટ

શ્રી રમેશભાઈ પટેલ તથા મુખ્ય મહેમાન તરીકે નવયુગ કોમર્સ કોલેજના નિવૃત્ત આચાર્ય શ્રી જે.એમ.નાયક,મંત્રી શ્રી એમ.એસ.મિચલા તથા કોષાધ્યક્ષ શ્રી રસિકભાઈ દુધાત હાજર રહ્યા હતા. મંડળની પ્રવૃત્તિઓ તથા વિધાર્થીલક્ષી મદદને શ્રી નાયકે બિરદાવી હતી તથા પ્રમુખશ્રી એ આચાર્ય તથા કર્મચારીઓની કોલેજમાં થતી પ્રવૃત્તિઓંની સરાહના કરી હતી. આચાર્યશ્રીએ ડૉ.અશ્વિનભાઈ પટેલ દ્વારા નવા વર્ષની કારોબારીની નિમણુંકની સરાહના કરી હતી. આભારવિધિ રસાયણશાસ્ત્રના અધ્યક્ષશ્રી જી.એમ.મલેકે કરી હતી.

## Seminar



નવયુગ સાયન્સ કોલેજમાં તા.૨૨-૦૧-૨૦૧૯ ના રોજ જુદા જુદા વિષયો પર બે સેમિનારનું આયોજન વિધાર્થીઓંના Placement ને ધ્યાનમાં રાખીને કોલેજના ઉદિશા કલબ દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રથમ સેમિનારમાં શહેરની રોજગાર કચેરીના અધિકારી શ્રી બિપીનભાઈ માંગુકિયા દ્વારા સરકારી નોકરીઓમાં સાયન્સના વિધાર્થીઓને અભિમુખ કરવા માટે વિવિધ ઓનલાઈન પ્લેટફોર્મ તથા વિવિધ જગ્યાઓં માટે જરૂરી તૈયારી કરવા માટે એક સુંદર માહિતીલક્ષી વ્યાખ્યાન આપ્યું હતું.

બીજા સેમિનારમાં NIMCJ(National Institute of mass communication & Journalism),અમદાવાદના શ્રી કૌશલ ઉપાધ્યાય દ્વારા કોલેજના વિધાર્થીઓ માટે પત્રકારત્વ ક્ષેત્રે રોજગારીની શક્યતાઓં અને તે માટે વિવિધ અભ્યાસક્રમો તથા પરીક્ષા અંગે રસપ્રદ માહિતી પૂરી પાડી હતી. બન્ને સેમિનારમાં આચાર્યશ્રી અશ્વિનભાઈ પટેલ તથા અધ્યાપકોએ હાજરી આપી, વિધાર્થીઓને B.Sc. કર્યા પછી Placement માટે જરૂરી તૈયારી કરવા પ્રેરણા આપી હતી.

એ.વી પટેલ કોમર્સ કોલેજ,બીલીમોરામાં ડિબેટ કમિટી અને જ્ઞાનધારા ઉપક્રમે મોટીવેશન સેમિનારનું આયોજન થયું હતું. ઇન્ચાર્જ આચાર્યા વર્ષાબેન રાણાએ આમંત્રિત મહેમાન JCI સભ્યો સરજુભાઈ એન્જિનિયર, નીલમબેન એન્જિનિયર, દિપ્તીબેન પટેલ અને અન્ય ઉપસ્થિત સભ્યોને શાબ્દિક અને પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કર્યુ. પ્રા.ચિરાગ ગુલાનીએ કાર્યક્રમના સંચાલનનો દોર સંભાળ્યો હતો. કાર્યક્રમમાં ટી વાય બી કોમના વિધાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો.

## પુસ્તક વાર્તાલાપ

૧. એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાના ગ્રંથાલય અને માહિતી વિભાગના ઉપક્રમે મને ગમતું પુસ્તક વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો.સારા પુસ્તકોનું વાંચન માનવીને સદ્કર્મ સદ્દભાવના અને સદવિચારથી સમૃદ્ધ બનાવે છે. રાષ્ટ્ર અને સમાજ પ્રત્યેની જવાબદારી અંગે વિધાર્થીઓ વધુ સભાન બને તેવા આશયથી મને ગમતું પુસ્તક વાર્તાલાપ નિયમિત રીતે યોજવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિ અનુસાર પ્રાર્થનાથી શરૂ થયેલા આ કાર્યક્રમ ૫ વિધાર્થીઓ અને એક અધ્યાપિકાએ ગુજરાતી સાહિત્યના જુદા જુદા લેખકોના જુદા જુદા પુસ્તકો પર પોતાના વિચારો રજૂ કર્યા હતા.ઇન્ચાર્જ આચાર્યશ્રી વર્ષાબેન ટી. રાણાના માર્ગદર્શન હેઠળ થયેલ આ કાર્યક્રમમાં વિધાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વાર્તાલાપનું સંચાલન અને આભારવિધિ ગ્રંથપાલશ્રી આર.એમ .પટેલે કરી હતી.

એ. વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાના ગ્રંથાલય અને માહિતી વિભાગના ઉપક્રમે " મને ગમતું પુસ્તક" વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. સારાં પુસ્તકોનું વાંચન તેના સર્જકો અને મહાન વિભુતિઓની સ્મૃતિ તાજી કરાવે છે. માબાપ હમેશાં સ્નેહ, વ્યક્તિનો અદભૂત મિત્ર અને સમજદાર માર્ગદર્શક હોય છે.ભારતીય સંસ્કૃતિ અનુસાર પ્રાર્થનાથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં ૪ વિધાર્થીઓ અને એક અધ્યાપિકાએ ગુજરાતી સાહિત્યના જુદા જુદા લેખકોના જુદા જુદા પુસ્તકો પર વિચારો રજૂ કર્યા હતા. ઇન્ચાર્જ આચાર્યશ્રી વર્ષાબેન ટી. રાણાના માર્ગદર્શન હેઠળ થયેલ આ કાર્યક્રમમાં વિધાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કોલના અધ્યાપકોએ કાર્યક્રમમાં હાજરી આપી વિધાર્થીઓમાં વાંચનની અભિરૂચિ કેળવાય તે માટે પ્રોત્સાહિત કર્યા હતા. વાર્તાલાપનું સંચાલન અને આભારવિધિ ગ્રંથપાલશ્રી આર. એમ. પટેલે કરી હતી.

## એન.એસ.એસ




નવયુગ સાયન્સ કોલેજમાં તા.૪/૧/૨૦૧૯ ના રોજ એન.એસ.એસ વિભાગ દ્વારા " સુરત રક્તદાન કેન્દ્ર" ના સહયોગથી રક્તદાન શિબિરનું આયોજન થયું હતું. શિબિરમાં આચાર્ય ડૉ.એ.એસ. પટેલે વિદ્યાર્થીઓને રક્તદાન માટે પ્રોત્સાહીત કર્યા અને રક્તદાનનું મહત્વ સમજાવ્યું હતું. જેની ફલશ્રુતી રૂપે વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ કુલ ૧૦૭ યુનિટ રક્તદાન એકત્ર કર્યું હતું. શિબિર નું વ્યવસ્થાપન પ્રોગ્રામ ઓફિસર પ્રા.પી.સી.પટેલ અને પ્રા.સંજય પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું.

નવયુગ સાયન્સ કોલેજના રાષ્ટ્રીય સેવા યોજનાના ઉપક્રમે તા.૧૬-૧૨-૨૦૧૮ ના રોજ નહેર ફળિયા પ્રાથમિક શાળા ગામ રાનવેરી કલ્લા તા.ચીખલી ,જી.નવસારી ખાતે મફત મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં ૧૫૯ જરૂરીયાતમંદ લોકોએ સેવાનો લાભ લીધો હતો.આ કેમ્પમાં નર્મદા કિડની ફાઉન્ડેશન અને ભારતીમૈયા ટ્રસ્ટ,સુરત સહભાગી થયા હતા. જેના થકી ૭૨ લોકોએ મફત ચશ્મા અને ૭૯ ડાયાબિટીશના દર્દીઓને મફત દવાનું વિતરણ પણ કરાયું હતું.આ શિબિરમાં ડૉ.ધનેશ વૈધ એપલ હોસ્પિટલ સુરત, ડૉ. નિલય દેસાઈ સર્વિ હોસ્પિટલ સુરત, ડૉ.આશિષ ગજ્જર અનમોલ આઈ હોસ્પિટલ સુરત તથા ઓપ્ટોમેટ્રી શ્રી કેયુર શર્મા ભારતીયમૈયા ટ્રસ્ટ સુરતએ સેવા આપી કેમ્પને ખુબ જ સફળ બનાવ્યો હતો.આ કેમ્પનું આયોજન કોલેજના પ્રોગ્રામ ઓફીસર પ્રા.પી.સી પટેલ દ્વારા કરાયું હતું.






આ કેમ્પમાં ગામના સરપંચ શ્રીમતી સવિતાબેન પટેલનો ખૂબ જ સહકાર રહયો હતો. આચાર્યશ્રી અશ્વિનભાઈ પટેલ સમગ્ર ટીમનો આભાર વ્યક્ત કરે છે.

એ. વી. પટેલ. કોમર્સ કોલેજ,બીલીમોરા એન. એસ.એસ, જ્ઞાનધારા અને ડિબેટ કમિટીના ઉપક્રમે સેમિનારનું આયોજન થયું હતું. જે અંતર્ગત "1 STOP SOLUTION COMPUTER ACADEMY" ના સેન્ટર હેડ શ્રી હાર્દિકભાઈ મકવાણાએ " Tally ERP9" કોર્ષ વિશે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વિધાર્થીઓને સમજૂતી આપી હતી તથા ગુજરાત ગેસ એજન્સીના ઓફિસર શિવકુમારએ  વિધાર્થીઓને ગેસ લીકેજની સેફટી અંગે માર્ગદશન આપ્યું હતું.કાર્યક્રમની શરૂઆત પ્રભુવંદનાથી કરવામાં આવી હતી. ઇન્ચાર્જ આચાર્યા વર્ષાબેન ટી. રાણાએ આમંત્રિત મહેમાનોને  પુષ્પગુચ્છ આપી આવકાર્યા હતા. આ સેમિનારમાં F.Y.B.com, S.Y.B.com, T.Y.B.com (ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમ) ના વિધાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સેમિનારના અંતભાગમાં પ્રશ્નોત્તરી પણ થઈ હતી. જેમાં સાચા જવાબ આપનાર વિધાર્થીઓને ઈનામ આપી અભિપ્રેરિત કરાયા હતા. એન.એસ. એસ પ્રોગ્રામ ઓફીસર પ્રા. દિપીકાબેન લાડ અને પ્રા. ચિરાગભાઈ ગુલાનીએ કાર્યક્રમના સંચાલનનો દોર સંભાળ્યો હતો.

વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સના એન.એસ.એસ. યુનીટના વિદ્યાર્થિનીઓ દ્વારા આચાર્યા ડો. અભિલાષા અગ્રવાલના માર્ગદર્શન હેઠળ કેરળ પુરગ્રસ્તોને મદદરૂપ થવા માટે કોલેજની બી.કોમ. અને બી.બી.એની વિદ્યાર્થિનીઓ અને સમગ્ર સ્ટાફે ભેગા મળી રૂ. ૧૦૦૦૦ જેટલો ફંડ ઉભો કરીને જીવન નિર્વાહ માટે અત્યંત જરૂરી એવી સામગ્રી જેવી કે અનાજ, કઠોળ, લોટ, કપડા, ૧૪૦ પાણી ની બોટલો, ૯ અમુલ ડેરી ક્રીમર, ૧૦૦૦ નાસ્તા ના પેકેટ્સ, ૪૦૦ બિસ્કીટના પેકેટ વિગેરે એકત્રિત કરીને "કેરળ સમાજ સુરત" (કેરાલા ફ્લડ રીલીફ સેન્ટર) ની ટીમ ને આપવામાં આવી હતી. માનવીય મુલ્યો પ્રેરિત આવા ઉત્તમ હેતુ માટે યોગદાન આપવા બદલ આચાર્યાશ્રી એ વિદ્યાર્થિનીઓ અને સ્ટાફના સભ્યો નું આભાર માન્યો હતો અને આવા સામાજિક કાર્યો સતત કરતા રહેવા માટે પ્રેરણા પૂરી પાડી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. હીના દલાલ અને શ્રી તેજલ પારેખ દ્વારા કરવામાં આવ્યું.




વનિતા વિશ્રામ,સુરત સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમેર્સમાં આચાર્ય ડૉ. અભિલાષા અગ્રવાલના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થિનીઓ દ્વારા ગુજરાત કેળવણી ટ્રસ્ટ સંચાલિત મમતા માનસિક સ્વાસ્થ્ય કેન્દ્રની મંદબુદ્ધિ શાળાના બાળકોની મુલાકાત લઈ ફ્રેન્ડશીપ ડેની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થિનીઓએ ફ્રેન્ડશીપ બેલ્ટ બાંધી અને વિવિધ રમતો રમી ખરા અર્થમાં ફ્રેન્ડશીપ ડે ઉજવીને એની મહત્તા જાળવી હતી. આ કાર્યક્રમના આયોજનનો મુખ્ય હેતુ સમાજના આવા બાળકોને લાગણી અને હુંફ આપવાનો હતો. કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. યુનિટના કો-ઓર્ડીનેટર પ્રા. ક્રિષ્ના દેસાઈ અને પ્રો. હીના દલાલ તથા એન.એસ.એસ. યુનિટની વિદ્યાર્થિનીઓએ કર્યું હતું.





વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ અને બીઝનેસ મેનેજમેન્ટની વિદ્યાર્થીનીઓ માટે આચાર્યા ડોઅભિલાષા અગરવાલના માર્ગ દર્શન હેઠળ . ભણતરની સાથે સાથે કંપનીઓના આંતરિક કામકાજના (પલસાણા)સંબંધમાં સમજ પૂરી પાડવાના ઉદેશ્યથી જોલવા " સ્થિત **ગાર્ડન સિલ્ક મિલ્સ** લિમિટેડ "ની વિઝીટ નું આયોજન કરવામાં આવ્યું હતું.



આ મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીનીઓને વર્કપ્રોસેસ ના - ઉત્પાદન) વિવિધ વિભાગો, સ્પિનિંગ, પેકેજીંગ, વેરહાઉસ ( .અને બિઝનેસ ફંક્શનની સમજણ પૂરી પાડવામાં આવી હતી વિદ્યાર્થીનીઓને કેવી રીતે કાચા માલમાંથી ઉત્પાદન અને .સમજાવ્યું હતું તેનું પેકેજીંગ કરવામાં આવે છે તે વિષે પણ વિદ્યાર્થીનીઓએ ની પણ મુલાકાત "ક્વોલિટી કંટ્રોલ લેબ" લીધી હતી જ્યાં તેઓને યાર્નની ગુણવત્તાની ચકાસણી પ્રક્રિયા કેવી રીતે થાય છે તેની સમજણ આપી હતી .




મુલાકાતના બીજા તબક્કામાં ઔદ્યોગિક વાતાવરણ અને વરિષ્ઠ અધિકારીઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી. વિદ્યાર્થીનીઓએ પ્રદૂષણ નિયંત્રણ પેનલ સાથે જળ ટ્રીટમેન્ટ પ્લાન્ટની માહિતી પણ લીધી હતી. અંતમાં મિલના વાઇસ પ્રેસિડન્ટ શ્રી. એમચૌહાણે વિદ્યાર્થીનીઓને જીવન .એસ . તથા કારકિર્દીમાં સફળતા મેળવવા સર્જનાત્મક અને સંશોધન તમામ વિદ્યાર્થીનીઓએ .લક્ષી બનવામાટે પ્રેરિત કર્યા હતા ઉજવળ તક આપવા બદલ મિલના અધિકારીઓનો આભાર નંદા.આ વિઝીટનું સંચાલન પ્રા .વ્યક્ત કર્યો હતોબોથરા અને પ્રો.સંગીતા શ્રીવાસ્તવે કર્યું હતું .

વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સમાં, આચાર્યા ડો. અભિલાષા અગરવાલના માર્ગદર્શન હેઠળ ડોનેટ લાઈફના પ્રેસીડન્ટ, શ્રી નીલેશ માંડલેવાલા દ્વારા **"અંગ દાન જાગૃતી"** માટે સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારનો મુખ્ય હેતુ આજના યુવામિત્રોને વ્યક્તિગત રીતે સમાજને ખરેખર ઉપયોગી થવાની એક તક પૂરી પાડવી અને વિદ્યાર્થિનીઓમાં અવયવ દાન તથા તેની સાથે સંકળાયેલા ઘણા બધા વિચારો વિશે જાગૃતતા કેળવવી અને "અવયવ દાન એજ મહાદાન" એ ઉક્તિનું ખરેખર મુલ્ય સમજાવવાનો હતો. અવયવ દાન દ્વારા બીજા વ્યક્તિને પુનઃ જીવન આપી જીવન ને સાર્થક કરવાનું એક સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતું. વિદ્યાર્થિનીઓએ પ્રોગ્રામ ના અંતે પ્રશ્નો પૂછીને મૂંઝવણોના ઉકેલ મેળવાનું પ્રયાસ કર્યું હતું.આચાર્યા ડો. અભિલાષા અગરવાલે વિસ્તૃત માહિતી પૂરી પાડવા બદલ શ્રી નીલેશ માંડલેવાલાનો આભાર વ્યક્ત કર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરીઅર ગાયડન્સ સેલ ના કો-ઓર્ડીનેટર પ્રો.નંદા બોથરા અને એન.એસ.એસ. વિભાગના કો-ઓર્ડીનેટર પ્રા. ક્રિષ્ના દેસાઈએ કર્યું હતું.






## કોન્ફરન્સ

વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ દ્વારા તારીખ ૨૯મી ડિસેમ્બર,૨૦૧૮ ના રોજ, આચાર્યા ડો. અભિલાષા અગ્રવાલના સચોટ માર્ગદર્શન હેઠળ " Theoretical and Empirical Developments in Social Sciences & Accountancy " **વિષય પર એક**









**દિવસીય નેશનલ લેવલની કોન્ફરન્સનું સવારે ૯.૩૦ કલાકે શેઠ પી. ટી. મહિલા કોલેજ ઓફ આર્ટસ એન્ડ હોમ સાયન્સના સેન્ટ્રલ હોલમાં** આયોજન કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત કોન્ફરન્સમાં ઓરો યુનિવર્સિટી, સુરતના વાઈસ ચાંસેલર ડો. એ.કે.સીંઘ મુખ્ય અતિથી તરીકે અને વી.એન.એસ.જી. યુનિવર્સિટી, સુરત ના ડી.બી.આઈ.એમ ડિપાર્ટમેન્ટના પ્રોફેસર અને હેડ ડો. રેણુકા ગર્ગ અતિથી વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ખાસ મહેમાન અને વિષય નિષ્ણાંત તરીકે આઈ.આઈ.ટી. બોમ્બે,મુંબઈ ના હ્યુમન એન્ડ સોશિઅલ સાયન્સીસ ડિપાર્ટમેન્ટ ના પ્રોફેસર ડો. કે. નારાયણન તથા એમ.એસ. યુનિવર્સિટી ઓફ બરોડા, વડોદરા ના ડો. પ્રજ્ઞેશ શાહ પણ હાજર રહ્યા હતા. ડો. કે. નારાયણન એન્ટી ડમ્પિંગ ઇન ઇન્ટરનેશનલ ટ્રેડ અને ડો.પ્રજ્ઞેશ શાહ રીસન્ટ ડેવલપમેન્ટસ ઇન એકાઉન્ટીંગ વિષય પર ટેકનીકલ સેશન્સ લીધા હતા.આ સેમીનારમાં દેશની વિવિધ કોલેજોમાંથી ૨૦૦ જેટલા રિસર્ચ સ્કોલર્સ,એકેડેમીશયન્સ અને પ્રોફેશનલ્સએ ભાગ લીધો હતો અને ૧૪૦ થી વધારે સંશોધન પત્ર રજુ કર્યા હતા.કોલેજના આચાર્યા અને મેનેજમેન્ટના સભ્યોએ ઉપસ્થિત મેહમાનો અને ડેલીગેટ્સને ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો તે માટે અભિનંદન પાઠવ્યા હતા.

## મુલાકાત




વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ ના બી.બી.એ.ની વિદ્યાર્થિનીઓ માટે અમદાવાદ સ્થિત **ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટની** વિઝીટનું આયોજન આચાર્યા ડો. અભિલાષા અગરવાલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થિનીઓ ઓને કેમ્પસમાં ચાલતા વિવિધ પોસ્ટ ગ્રેડ્યુએટ ડીપ્લોમાં કોર્સીસ અને તેમની શિક્ષણ પદ્ધતિ વિષે માહિતગાર કરવામા આવ્યા હતા. આ ઉપરાંત વિદ્યાર્થિનીઓ ઓએ લુઇસ કાહન પ્લાઝા, એકેડેમિક બ્લોકસ, ફેકલ્ટી ઓફીસ, ડો. વિક્રમ સારાભાઇ લાયબ્રેરી, આર.જે. મઠાઈ ઓડીટોરીયમ, ઈંટરનેશનલ ડેવલપમેન્ટ સેન્ટર વગેરે ની પણ મુલાકાત લીધી હતી. IIM ના અધિકારીઓએ પણ વિદ્યાર્થિનીઓ ઓને બધીજ કાર્યશૈલી વિષે ઊંડાણપૂર્વક સમજાવ્યું હતું. આ મુલાકાત વિદ્યાર્થિનીઓને ગ્રેજ્યુએટ થયા પછી આગળની કારકિર્દી ઘડતર માટે જાગૃત કરવાના આશયથી આયોજિત કરવામાં આવી હતી જે સંતોષકારક અને અર્થપૂર્ણ સાબિત થઈ હતી.

ઉધના એકેડેમી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ઉધના સિટીઝન કોમર્સ અને કોલેજનાં વિધાર્થીઓ તેમજ કોમર્સ અને બેંકિંગ વિભાગની ફેકલ્ટીએ સુરત પીપલ્સ બેંકની CTS શાખાની સતત બે દિવસ મુલાકાત લઈ આધુનિક ચેક ટ્રાન્ઝેકશન સીસ્ટમ વિશે વિસ્તૃત માહિતી મેળવી હતી. ટ્રાન્ઝેકશન પધ્ધતિમાં ઇનવર્ડ અને આઉટવર્ડ ક્લીયરીંગ અંગે પ્રેકિટકલ જ્ઞાન પુરું પાડવામાં આવ્યું હતું. આ પધ્ધતિ દ્વારા ચેક નકારાવાના કારણો પણ સમજાવવામાં આવ્યા હતા. બેન્કના આસિ.જનરલ મેનેજર ડૉ. જતીનભાઈ નાયક તેમજ શાખાના મેનેજર શ્રી ગજીવાલાના માર્ગદર્શન હેઠળ આ મુલાકાતનું સંપુર્ણ સંચાલન પ્રો. ડૉ. હેતલ શાહે કર્યુ હતું.

## વ્યાખ્યાન



નવયુગ સાયન્સ કોલેજમાં તા.૨૩-૦૧-૨૦૧૯ના રોજ Biotechnology વિષય પર વકતવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું આચાર્યશ્રી અશ્વિનભાઈ પટેલે સૌને આવકારી વિદ્યાર્થીઓને આવા પ્રોગ્રામમાં જોડાવા પ્રોત્સાહિત કર્યા હતાં. જેમાં યુનિવર્સિટીના Biotechnology ડિપાર્ટમેન્ટના હેડ ડૉ.ગૌરવ શાહ દ્વારા વિધાર્થીઓને વિષયથી માહિતગાર કર્યા હતાં તેના ફાયદા, ગેરફાયદા વિષે સમજ પૂરી પાડી હતી. આ સાથે યોજાયેલ પોસ્ટર સ્પર્ધામાં દસ એન્ટ્રી સામેલ હતી અને શ્રેષ્ઠ એન્ટ્રીને ઇનામ જાહેર કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

### 'દક્ષિણાયન': સરનામુ

**e-mail:**
dakshinayanlibrary.vnsgu@gmail.com

**Chief Editor:** Dr.K.C. Poria, Professor (Stage-6) and Head, Department of Physics, VNSGU, Surat.

**Editor:** Dr. B.J. Ankuya, Assistant Librarian, VNSGU, Surat.

**Published by:** Shri A.V.Dhaduk, I/c. Registrar, VNSGU, Surat.

**Designed by:** Shri Mayaankkumar Patel, Programmer, VNSGU, Surat.

THIS e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE **www.vnsgulibrary.org**

**Tel: + 91-261-2227141 Fax: + 91-261-2227312**

**E-mail: dakshinayanlibrary.vnsgu@gmail.com**